ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-06** **ત .20-04-2021**

**પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 18 વર્ષથી ઉપરના વ્યક્તિઓને વેકસીનેસન આપવાની જાહેરાત કરતા પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટે ગુજરાતના યુવાનો વતી પ્રધાનમંત્રીશ્રીનો આભાર માન્યો.**

---

**ગુજરાત પ્રદેશ યુવા મોરચો ગુજરાતભરના યુવાનો જલ્દીથી જલ્દી વેક્સિન લે તે માટે પ્રત્યનો હાથ ધરશે.**

---

**તા.1 મે થી 15 જૂન સુધી યુવા મોરચા દ્વારા યુવાનો માટે “ વેકસીનેશન ડ્રાઈવ” ચલાવશે.**

---

પ્રદેશ મીડિયા સેલ એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાતના પનોતા પુત્ર દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 18 વર્ષથી ઉપરના લોકોને વેકસીન આપવાની જાહેરાત કરતાં પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટે ગુજરાતના યુવાનો વતી પ્રધાનમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. ભારત દેશ એ યુવાનોનો દેશ કહેવાય છે.પ્રધાનમંત્રીશ્રીના આ નિર્ણયથી દેશના યુવાનો કોરાના જેવી ગંભીર બીમારીથી દૂર રહી શકશે. દેશનો યુવાન સ્વસ્થ રહે તે માટે યુવાનોને વેકસીનેશન થવું ખૂબ જ જરૂરી છે.

ભારત સરકાર દ્વારા અત્યાર સુધી 45 વર્ષથી ઉપરના લોકોને કોરોનાની વેક્સિન અપાતી હતી. ભારત દેશ જલ્દીથી કોરોના મુક્ત થાય તે માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 18 વર્ષથી ઉપરના લોકોને વેક્સિન મળી રહે તે નિર્ણય લીધો છે. વિશ્વમાં બીજા દેશોની તુલનામાં ભારત દેશ એ વેક્સિનેશનમાં અગ્રેસર રહ્યો છે. 18 વર્ષથી ઉપરના વધુમાં વધુ લોકોને વેક્સિનેશન મળશે તો ભારત દેશ એ જલ્દીમાં જલ્દી કોરોના જેવી ગંભીર મહામરીમાંથી મુક્ત થશે.

પ્રદેશ યુવા મોરચા દ્વારા વધુમાં વધુ યુવાનો વેકસીનેશન લઈ શકે તે માટે તા. 1 મે થી 25 જૂન, 45 દિવસ યુવાનો માટે વેક્સિનેશન ડ્રાઈવ ચલાવશે. આ વેકસીનેશન ડ્રાઈવમાં વોર્ડ/તાલુકાના વધુમાં વધુ યુવાનો જલ્દીથી જલ્દી વેકસીન લઇ શકે તે પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. આ 45 દિવસની વેકસીનેશન ડ્રાઈવમાં યુવા મોરચાના કાર્યકર્તા ભાજપના પેજપ્રમુખોનો સંપર્ક પેજમાં આવતા યુવાનોને વેકસીનેશન સેન્ટર સુધી પહોચડવાનું કામ હાથ ધરાશે.

ડૉ. યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)